Santa Clara કાઉન્ટી

મતદારોના રજીસ્ટ્રાર

1555 Berger Drive, Bldg. 2,
San Jose, CA 95112
સામાન્ય ટપાલ: P.O. Box 611360, San Jose, CA 95161-1360
ફોન: 408-299-VOTE (8683); **ટોલ ફ્રી:** 866-430-VOTE (8683); **ફેક્સ:** 408-998-7314
www.sccvote.org

પ્રિય મતદાર,

Santa Clara કાઉન્ટી મતદારોના રજીસ્ટ્રાર આ સાથે આપને આ **હસ્તાક્ષર પ્રમાણીકરણ નિવેદન** પત્ર તે કારણસર મોકલી રહ્યા છે કે કામચલાઉ મતપત્ર પરબિડીયા પર રહેલ આપની સહી અમારા રેકોર્ડ્સ સાથે મળતી આવતી નથી. આ પત્રમાં રેખાંકિત પગલાં આપના દ્વારા અનુસરવામાં આવશે નહીં તો આપનો મત ગણતરીમાં લેવાશે નહીં.

આ ભૂલ સુધારવા માટે આ પત્રના પાછળના ભાગે આપેલ સૂચનાઓમાં પૂરા પાડવામાં આવેલ વિકલ્પો પૈકી એક તમારે અવશ્ય પૂર્ણ કરવાનો રહેશે. આ પત્રની પાછળ રહેલ નિવેદન રજીસ્ટ્રારને મળવો જોઇશે, અથવા તમે મતદારના રજિસ્ટ્રારની કચેરીની મુલાકાત લઈને તમારા અસલ મતપત્ર પરબિડીયા પર પુનઃસહી કરી શકો છો જે **ડિસેમ્બર 3, 2020 ના ગુરૂવાર, સાંજે 5:00 વાગ્યા,** કરતા મોડું ન થાય જેથી સુનિશ્ચિત કરી શકાય કે તમારો કામચલાઉ મતપત્ર ગણતરીમાં લેવામાં આવે.

Santa Clara કાઉન્ટી **મતદારોના રજીસ્ટ્રાર** 1555 Berger Drive, Building 2 San Jose, CA 95112 **ટોલ ફ્રી:** 866-430-VOTE (8683) **ફેક્સ:** 408-998-7314 **ઇમેલ:** voterinfo@rov.sccgov.org	**નિયમિત કામકાજના કલાકો:** સોમવાર – શુક્રવાર સવારે 8:00 – સાંજે 5:00 *(રજાઓ સિવાય)*
અમારી કચેરી પહોંચવા માટેના દિશાસૂચનો માટે અહીં મુલાકાત લો: **www.sccgov.org/sites/rov/Resources/Pages/HoursLocationsDirections.aspx**	

તમારું હસ્તાક્ષર પ્રમાણીકરણ નિવેદન
Santa Clara કાઉન્ટી મતદારના રજીટ્રારની કચેરીમાં
ડિસેમ્બર 3, 2020 ના સાંજે 5:00 વાગ્યે પહેલા મળવું જોઈએ.

બોર્ડ ઓફ સૂપરવાઇઝર્સ: Mike Wasserman, Cindy Chavez, Dave Cortese, Susan Ellenberg, S. Joseph Simitian
કાઉન્ટી એગ્ઝિક્યુટિવ: Jeffrey V. Smith

આ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
આ સૂચનાઓનું અનુસરણ કરવામાં નિષ્ફળતા તમારા મતપત્રને ગણતરીમાં લેવામાં ન આવે તેનું કારણ બની શકે છે.

તમારો કામચલાઉ બૅલટ ગણતરીમાં લેવાય તે માટે, નીચે આપેલ નિવેદન ભરો અને "મતદારની સહી" ઉપર રહેલ રેખા પર હસ્તાક્ષર કરો. તમે તમારું હસ્તાક્ષર કરેલ નિવેદન નીચે આપેલ કોઇપણ વિકલ્પોનો ઉપયોગ કરીને પાછું મોકલી શકો છો:

1. **અમારી ઓફિસ પર હસ્તાક્ષર કરેલ અને પૂર્ણ કરેલ નિવેદનને ઈમેલ કરો.** ઇમેલ કરેલ નિવેદન અમારી ઓફિસ પર **ડિસેમ્બર *3, 2020* ના સાંજે 5:00 વાગ્યા** પહેલા પ્રાપ્ત થવું જોઈએ. ઇમેલ સરનામું આ પ્રમાણે છે voterinfo@rov.sccgov.org.

2. **પોસ્ટેજ-ચુકવણી કરેલ બંધ પરબિડીયામાં, તમારું હસ્તાક્ષર કરેલ અને પૂર્ણ થયેલ નિવેદન અમારી ઓફિસમાં મેઇલ કરો**. નિવેદન અમારી ઓફિસ પર ***ડિસેમ્બર 3, 2020 ના સાંજે 5:00 વાગ્યા પહેલા પ્રાપ્ત થવું જોઈએ.*** પોસ્ટમાર્ક સ્વીકારવામાં આવશે નહીં.

3. **અમારી ઓફિસ પર હસ્તાક્ષર કરેલ અને પૂર્ણ કરેલ નિવેદનને ફેક્સ કરો**. ફેક્સ કરેલ નિવેદન **ડિસેમ્બર *3, 2020* ના સાંજે 5:00 વાગ્યા** પહેલા પ્રાપ્ત થવું જોઈએ. ફેક્સ નંબર છે 408-998-7314.

4. **રજિસ્ટ્રારની કચેરીમાં રૂબરૂ**. તમે નીચે આપેલા સરનામે, સોમવારથી શુક્રવાર સવારે 8:00 વાગ્યાથી સાંજે 5:00 વાગ્યા સુધી, કામચલાઉ મતપત્ર પરબિડીયા પર પુનઃસહી કરવા અથવા હસ્તાક્ષર પ્રમાણીકરણ નિવેદન પરત કરવા અમારી ઓફિસ પર આવી શકો છો. આ **ડિસેમ્બર *3, 2020* ના સાંજે 5:00 વાગ્યા** પહેલા થવું જોઈએ.

હસ્તાક્ષર પ્રમાણીકરણ નિવેદન

હું, _____, Santa Clara કાઉન્ટી,
(મતદારનું નામ)

California રાજ્ય નો/ની નોંધાયેલ મતદાર છું. હું સોગંદ પર આપેલી જુઠ્ઠી જુબાનીના દંડની જાણ સાથે જાહેર કરું છું કે કામચલાઉ મતપત્રના પરબિડીયા પર રહેલ જે નામ છે તે વ્યક્તિ હું જ છું. હું સમજું છું કે જો હું મતદાનના સંબંધમાં કોઈ છેતરપિંડી કરું છું અથવા તેમ કરવાનો પ્રયાસ કરું છું, અથવા જો હું મતદાનના સંબંધમાં છેતરપિંડીમાં સહાય અથવા મદદ કરું છું અથવા છેતરપિંડી કરવા માટે સહાય કરવા અથવા મદદ કરવાના પ્રયાસ કરું છું, તો મને 16 મહિના અથવા બે અથવા ત્રણ વર્ષની કેદની સજા સાથે અપરાધ માટે દોષી ઠેરવવામાં આવી શકે છે. હું સમજું છું કે આ નિવેદન પર મારા હસ્તાક્ષર નહીં કરવાથી મારો કામચલાઉ મતપત્ર પર ગણતરી માટેની પ્રક્રિયા નહીં કરવામાં આવે.

(હસ્તાક્ષર) _____
મતદારના હસ્તાક્ષર (મુખત્યારનામું સ્વીકારવામાં આવશે નહીં)

(સાક્ષી)_____
જો મતદાર હસ્તાક્ષર કરવામાં અસમર્થ હોય તો, મતદાર એક ચિહ્ન બનાવી શકે છે જેની સાક્ષી એક વ્યક્તિ દ્વારા આપવામાં આવશે.

તારીખ _____ ના _____, 2020 ના દિવસે.

રહેઠાણનું સરનામું: _____
શેરીનું સરનામું શહેર ઝિપ કોડ

ટપાલનું સરનામું: _____
શેરીનું સરનામું શહેર ઝિપ કોડ

બોર્ડ ઓફ સૂપરવાઇઝર્સ: Mike Wasserman, Cindy Chavez, Dave Cortese, Susan Ellenberg, S. Joseph Simitian
કાઉન્ટી એગ્ઝિક્યુટિવ: Jeffrey V. Smith

Santa Clara કાઉન્ટી મતદાર રજીસ્ટ્રાર
સરનામું: 1555 Berger Drive, Building 2, San Jose, CA 95112
ટપાલનું સરનામું: P.O. Box 611360, San Jose, CA 95161-1360
ટોલ ફ્રી: 866-430-VOTE (8683); **ફેક્સ:** 408-998-7314; **વેબસાઇટ:** www.sccvote.org

બોર્ડ ઓફ સૂપરવાઇઝર્સ: Mike Wasserman, Cindy Chavez, Dave Cortese, Susan Ellenberg, S. Joseph Simitian
કાઉન્ટી એગ્ઝિક્યુટિવ: Jeffrey V. Smith